સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



# ધ્યાનની કુશળતા



ધ્યાનપૂર્ણ જીવન જીવવું ખૂબ જ સરળ છે – જેમ કે એક, બે, ત્રણ ગણવા જેવું! અહીં પ્રસ્તુત છે ધ્યાન માટેના કેટલાક સરળ ઉપાયો.

જ્યારે પણ તમે ફક્ત પોતાના હોવા માટે સમય કાઢી શકો, ત્યારે બધું કરવાનું છોડી દો. એક ક્ષણ માટે પણ જો તમે કંઈ કરી રહ્યા ન હો અને તમારા કેન્દ્રમાં હો, સંપૂર્ણપણે વિશ્રાંત હો, તો તે ધ્યાન છે. એક વાર તમે તેમાં નિપુણતા મેળવી લો, પછી તમે ઇચ્છો ત્યાં સુધી તે સ્થિતિમાં રહી શકો છો. તમે દિવસના ચોવીસ કલાક પણ તે સ્થિતિમાં રહી શકો છો. એક વાર તમે આ બાબત પ્રત્યે જાગૃત થઈ જાઓ કે તમારું અંતરમન વિચલિત થયા વિના કેવી રીતે રહી શકે છે, ત્યારે તમે ધીમે ધીમે એ શીખવાનું શરૂ કરી શકો છો કે તમારું અંતરમન વિચલિત ન થાય. આ ધ્યાનનો બીજો ભાગ છે – નાનાં કાર્યો કરવાનું શીખવું, જેમ કે ફર્શ કે જમીન સાફ કરવી, સ્નાન કરવું. પરંતુ એક વાર તમે પોતાને કેન્દ્રિત રાખતાં શીખી જાઓ, પછી તમે જટિલ કાર્યો પણ કરી શકો છો.

ધ્યાન ક્રિયાની વિરુદ્ધ નથી. એવું નથી કે તમારે જીવનમાંથી પલાયન કરવું પડે. તે ફક્ત જીવન જીવવાની એક નવી રીત શીખવે છે. તમારું જીવન વધુ ચેતનાથી, વધુ આનંદથી, વધુ સ્પષ્ટતાથી, વધુ સર્જનાત્મકતાથી અને વધુ દૃષ્ટિથી ભરાઈ જાય છે. છતાં પણ તમે અછૂતા રહો છો. તમારા અંતરમાં રહેલો દ્રષ્ટા તમારી આસપાસ આ બધું બનતું જોઈ રહ્યો હોય છે.

તમે કર્તા નથી, તમે સાક્ષી છો. આ જ ધ્યાનનું સંપૂર્ણ રહસ્ય છેઃ તમે સાક્ષી બની જાઓ છો અને ક્રિયાઓ પોતાની રીતે થતી રહે છે. તેમાં કોઈ સમસ્યા નથી. લાકડાં કાપતી વખતે કે કૂવામાંથી પાણી ખેંચતી વખતે તમે નાનાં-મોટાં બધાં જ પ્રકારનાં કાર્યો કરતા રહો છો. ફક્ત એક જ બાબતનું ધ્યાન રાખવાનું છેઃ તમારું કેન્દ્ર ખોવાવું ન જોઈએ. તમારી સભાનતા અને સાક્ષીભાવ સંપૂર્ણપણે વિચલિત થયા વિના મુક્ત રહેવા જોઈએ. ધ્યાન એક અત્યંત સરળ ઘટના છે. તેના માટે કોઈ વિશેષ આસનની જરૂર નથી કે કોઈ વિશેષ સમયની પણ જરૂર નથી. કોઈ પણ સમયે, જ્યારે તમે ફક્ત રમતિયાળ અને હળવા હો, ત્યારે તે ધ્યાન માટેનો યોગ્ય સમય છે.

જો એવું ન બને તો પણ ઠીક છે. હું તમને એવું નથી કહેતો કે ધ્યાનનો અનુભવ આજે, કાલે, ત્રણ મહિનામાં કે છ મહિનામાં થઈ જ જશે. હું તમને કોઈ અપેક્ષા નથી આપી રહ્યો, કારણ કે અપેક્ષાઓ તમારા મનમાં તણાવ પેદા કરશે. ધ્યાનનો અનુભવ કોઈપણ દિવસે થઈ શકે છે અથવા કદાચ ન પણ થાય. તે બધું તમે કેટલા ખેલદિલ અને સહજ છો તેના પર આધાર રાખે છે. તો, સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર કે રવિવાર – કોઈ પણ દિવસે ધ્યાનનો અનુભવ થઈ શકે છે. ફક્ત પોતાની જાતમાં આનંદ લો અને શક્ય હોય એટલી વાર આ પ્રયોગ કરીને જુઓ. જો કંઈ ન બને તો પણ તે સંપૂર્ણપણે ઠીક છે. પોતાની સાથે આનંદમાં રહો. તમે એક વિચાર સાથે રમ્યા અને તેને એક તક આપી, એટલું જ પૂરતું છે. તમે ધ્યાનને અવસર આપતા રહો. જ્યારે યોગ્ય સમય આવશે અને તમે ખરેખર વિશ્રાંત તથા ખુલ્લા હશો, ત્યારે ધ્યાન તમારા પર સવાર થઈ જશે. અને એક વાર ધ્યાન તમારા પર સવાર થઈ જાય, પછી તે તમને ક્યારેય છોડશે નહીં.

– ઓશો

(પુસ્તકઃ 'ફ્રોમ મિડ્ઝી ટુ એનલાઇટનમેન્ટ' સૌજન્યઃ ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે)

**સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર કે રવિવાર – કોઈ પણ દિવસે ધ્યાનનો અનુભવ થઈ શકે છે. ફક્ત પોતાની જાતમાં આનંદ લો અને શક્ય હોય એટલી વાર આ પ્રયોગ કરીને જુઓ. જો કંઈ ન બને તો પણ તે સંપૂર્ણપણે ઠીક છે. પોતાની સાથે આનંદમાં રહો. તમે એક વિચાર સાથે રમ્યા અને તેને એક તક આપી, એટલું જ પૂરતું છે. તમે ધ્યાનને અવસર આપતા રહો**

**ઓશો વાણી**

# 'જય આદ્યા શક્તિ' આરતીને ઢાળ, લય અને રાગ આપનાર અભરામ ભગત



પંચાંગની વૃદ્ધિતિથિ અનુસાર આસો સુદ સાતમ બે હોવાથી આજે સોમવારે આઠમના રોજ હવન-પૂજન ઈત્યાદિ ધર્મકાર્ય થશે જો કે આજ આઠમનું નવમું નોરતું હશે, દશ દિવસની નવરાત્રિની રૂમઝૂમ ઉજવણી ઉત્તરાર્ધમાં છે ત્યારે સરકારની ગાઈડલાઈન મુજબ અને હિન્દુ સંગઠનોની થોડી સખ્તી વચ્ચે પણ ખેલૈયાઓ નવરાત્રિને ભરપૂર માણી રહ્યાં છે. જો કે હિન્દુ સંગઠનોની તિલક વગર પ્રવેશ નહીં ની થીયરી સાથે સરકાર સંપૂર્ણ સહમત નથી કારણ કે વર્ષોથી પારંપારિક ગરબાઓના આયોજનોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મુસ્લિમોનું ઈન્વૉલ્વમેન્ટ પણ રહ્યું છે. દરેક સમાજમાં હોય છે એ મુજબ મુસ્લિમ સમાજના કેટલાંક અનિષ્ટ તત્વોને કારણે આખા સમાજને અન્યાય કરવો એ પણ અન્યાય જ ગણાય. જો કે હિન્દુ સમાજના તહેવારો દરેક સમાજના ઘણા બધા લોકોને માટે આર્થિક રીતે ઉપકારક છે જ. ખરેખર તો તહેવારો સમાજની એકતાના પ્રતિક જેવા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી લવજેહાદ જેવા કારણોથી કોમીએકતા વચ્ચે ઝેર રેડાયું છે. આગળ જણાવ્યું તેમ કેટલાંક અનિષ્ટ તત્વોને કારણે હિન્દુ સંગઠનોને જાગૃત થવાની ફરજ પડી છે.

**મુસ્લિમ સમાજના ઘણા બધા ભજનીકો, ગાયકો, સંગીતકારો અને કલાકારોનો સીધો જ સ્પર્શ હિન્દુ તહેવારો સાથે સેંકડો વર્ષોથી રહ્યો છે**

મુસ્લિમ સમાજના ઘણા બધા ભજનીકો, ગાયકો, સંગીતકારો અને કલાકારોનો સીધો જ સ્પર્શ હિન્દુ તહેવારો સાથે સેંકડો વર્ષોથી રહ્યો છે. પોતાના ધર્મનું સમ્માન જાળવીને હિન્દુ સમાજના ધાર્મિક પર્વો સાથે જોડાયેલા રહ્યાં હોય એવા અનેક કિસ્સાઓ જોવા મળે છે. વર્તમાન સમયે પણ ભક્તિ સંગીતમાં, ભજનોમાં અને ગરબા ગાયકીમાં મુસ્લિમ કલાકારોનું અદ્ભુત ઈન્વોલ્વમેન્ટ જોવા મળે છે. જુનાગઢના અંધજન મંડળ સાથે સંકળાયેલી પ્રજ્ઞાચક્ષુ મુસ્લિમ રુબિનાબેન રાઉમા નામની યુવતીને ૧૦૦ જેટલા ગરબા અને ૨૫૦ જેટલા ભજનો કંઠસ્થ છે. એ નવરાત્રિ દરમિયાન ગાય છે અને ખેલૈયાઓને રમાડે પણ છે. કલાકાર કોઈપણ સમાજનો હોય પણ દરેક ધર્મનું સમ્માન જાળવી કલા પ્રદર્શિત કરે ત્યારે તેના સ્વીકાર્યને સહજ બનાવવું જોઈએ. કોમી એકતાની મિસાલ જેવી એક નવરાત્રિનું આયોજન જુનાગઢના સુખનાથ ચોકમાં વર્ષોથી થાય છે જ્યાં ચોકમાં બાજુમાં આવેલ હજરત અલીશાહ પીરની દરગાહ પર ચાદર ચઢાવીને આ પ્રાચીન ગરબીની શરૂઆત થાય છે. અહીં હિન્દુ-મુસ્લિમ મહિલાઓ માતાજીના ગરબા ગાઈને સાથે જ ગરબે ઘૂમે છે. ખાસ વાત તો એ છે કે બંને સમાજની બાળાઓ નવ દિવસ દરમિયાન અલગ-અલગ પ્રકારના ૭૫ જેટલા રાસ રમે છે. એ જ પ્રકારે જ રાજકોટ જીલ્લાના આટકોટ ગામના કૈલાસ-નગર વિસ્તારના ૪૩ વર્ષથી ખોડીયાર ગરબી મંડળના પરંપરાગત રાસ-ગરબાનું આયોજન થાય છે. ત્યાં પણ હિન્દુ-મુસ્લિમ સમાજની દિકરીઓ જરા પણ ભેદભાવ વગર માતાજીની આરાધના રૂપે ગરબે ઘૂમે છે. કચ્છના તો કેટલાંય ગામડાઓ છે જ્યાં આયોજનમાં પણ મુસ્લિમ આગેવાનોના સહયોગ હોય છે, મીઠું ઈસ્માઈલ અને મર્હૂમ કુંભાર મામદ હારુન નવરાત્રિનો મંચ ગજવતા હતાં તેવું તેના ધૂફી ગામના લોકો યાદ કરે છે. માતાનો મઢ કહેવાય છે ત્યાં ઉસ્તાદ ઈબ્રાહિમ અલીમામદ શરણાઈના સૂરે નવરાત્રિના ગરબા ગવડાવતા. તિલક કરીને જ ગરબાની પ્રથા તો અહીં ત્યારે પણ હતી અને ત્યારે માતાના મઢે ગરબા રમવા આવનાર ખેલૈયાને તિલક હાસમભાઈ વાઢા અને રામજી મહારાજ કરતાં, અને ત્યારેય વાજાપેટી અને તબલા સાથે સાઝ વગાડતાં સાજીંદાઓમાં મોટેભાગે મુસ્લિમભાઈઓનો સહકાર મળી રહેતો.

છેલ્લા બે-ચાર દશકામાં વાતાવરણ બદલાયું છે ખરો ઈન્સાનીયતનો ધર્મ ભૂલાઈને સ્વજાતિ ધર્મમાં કટ્ટરતા વધી છે. જો કે કલાકારો, સાજીંદાઓ કે ગાયકોમાં ઘણા બધા હજી એવા છે કે તેને નાત-જાતના વાડામાં બંધાઈ રહેવાને બદલે કલાકાર હોવાનું ગૌરવ છે. ભજન, લોકગીત અને માતાજીની સ્તુતિ-ગરબા ગાતા ઓસ્માન મીર, આમીર મીર, ફરીદા મીર, રાજકોટના સોહિલ બ્લોચ ઉપરાંત સુરતના ઈરશાદ મુલતાની તેમજ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અત્તાખાન જેવા કલાકારોની એક લાંબી યાદી થઈ શકે.

મોરબી સ્ટેટના રાજગાયક રહી ચુકેલા મહંમદભાઈ વાલેરાનો તો બહુ મોટો વાલેરા પરિવાર ભારતીય શાસ્ત્રીય, લોકસંગીત અને ધાર્મિક સંગીતનો વારસો સાચવી રહ્યો છે. મહંમદભાઈના ભાઈ ઈસ્માઈલ વાલેરાનું ગુજરાતી સંગીતમાં બહુ મોટું નામ છે. જેસલ-તોરલ, કંકુ જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં ૭૦-૮૦ના દાયકામાં ગીતો ગાનાર ઈસ્માઈલ વાલેરાના ભજનો-લોકગીતો આકાશવાણીમાં વાગતા અને ખૂબ પસંદગી પામતા, એક ભાઈ ગુલામભાઈ વાલેરા પણ સંગીત શિક્ષક તરીકે તેના વિદ્યાર્થીઓમાં ખૂબ પસંદગી પામેલા. જો કે વાલેરા પરિવારમાં મર્હૂમ ગુલામભાઈ, મર્હૂમ નઝીરભાઈ ઉપરાંત ભારતીય સંગીત અને લોકગાયકીનો વારસો સંભાળી રહેલા બસીરભાઈ, અનવરભાઈ, સોકતભાઈ, મનસૂરભાઈ અને એ પરિવારની જ નવી યુવા પેઢીના અહેજાઝ વાલેરા, મુનીર વાલેરા અને મકસૂદ વાલેરા જેવા કલાકારોનો એક મોટો પરિવાર સંસ્કૃતિનું, સંગીત-ગાયકીના વારસાનું જતન કરવા જ સર્જાયો હોય એવી અનુભૂતિ થાય. મતલબ, ભજન, લોકગીતો, સ્તુતિ-ગરબા ઓ એ કલાની આરાધનાનો જ ભાગ છે એવું જ્યારે કલાકાર સમજે ત્યારે નાત-જાત ગૌણ બની જાય છે.



'જય આદ્યા શક્તિ' આરતીની રચના કરી લગભગ ૪૦૦ વર્ષ પહેલા સ્વામી શિવાનંદે શબ્દદેહ આપ્યો પણ આજે જે તાલમાં, જે રાગમાં ગવાય છે તેનો યશ ખૂબ જાણીતા ભજનીક (ભગત) અભરામ ભગતને અપાય છે. અભરામ ભગતનું મૂળ નામ ઈબ્રાહિમ કરીમ સુમરા હતું પણ ઈબ્રાહિમમાંથી અપભ્રંશ થઈ અભરામ ભગત જ લોકજીભે રમતું થયેલું. અભરામ ભગતનો જન્મ સૌરાષ્ટ્રમાં જલારામના વીરપુર પાસેના જેતપુરના નવાગઢ ગામે ૨૪ ઓક્ટો.૧૯૨૦માં મુસ્લિમ સિપાઈ પરિવારમાં થયેલો. ૧૫ વર્ષની ઉંમરે માતા ગુમાવનાર અભરામે ફેક્ટરીમાં કામ કરવાનું ચાલુ કરેલું પણ ફેક્ટરીમાં અકસ્માતે પગ કપાઈ જતાં ઘરે બેસવું પડેલું. સાવકી માં ના મેણાટોણાથી ઘર છોડવું પડ્યું અને મસ્જીદના ઓટલે સૂઈ રહેવું પડતું. બાજુમાં આવેલા શિવમંદિરમાં સવાર-સાંજ થતાં ધૂન-ભજન તેમને સંભળાતા અને મોટેથી ગણગણતા પણ ખરો. તેના કાકાએ તેને સાંભળ્યો, અવાજ સારો લાગતા થોડી ટ્રેનિંગ પણ અપાવી અને જ્યાં તક મળે ત્યાં ધૂન-ભજન ગાતાં. કેટલાક કટ્ટરપંથઓએ મુસ્લિમ થઈ ભજનો નહિ ગાવાની તેને ટકોર પણ કરી પણ પોતાની મસ્તીમાં એણે ક્યાંય અટક્યા વગર કંઠ-માધુર્યને ન્યાય આપતા હોય તેમ નાના-મોટા કાર્યક્રમોમાં ગાવાનું ચાલુ રાખ્યું. જીવન-નિર્વાહનો એક રસ્તો ભજનોની ગાયકીમાંથી મળી ગયો. એક પગ ભલે નહોતો પણ જાણે ઉડવાની પાંખો મળી ગઈ હોય તેમ અભરામ ભગત ૫૦-૬૦ના દાયકામાં સેલીબ્રીટી ભજનીક બની ગયા હતાં. દિલ્હીના પ્રગતિ મેદાનમાં ૧૯૬૦માં એક ખેડૂત સંમેલનમાં તેઓનું જવાનું થયેલું અને ત્યારે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પણ આવેલા કોઈકે તેમની પાસે અભરામ ભગતની પ્રશંસા કરી તો તેમણે દસ મિનિટ ફાળવીને કંઈક સંભળાવવા માટે કહ્યું. અભરામ ભગતે 'હે રામ તેરે નામ કા મુજે આધાર' ભજન સંભળાવ્યુ તો દસ મિનિટનો સમય આપનાર નેહરુજીએ દોઢ કલાક તેમને સાંભળ્યા હતાં.

એ સમયે ગુજરાતી ભજનીક વિદેશ જતાં હોય તેવુ ભાગ્યે જ બનતું પણ અમદાવાદના એમના એક પ્રશંસકે તેમને સ્પૉન્સર કરી વિદેશ મોકલ્યા. યુગાન્ડા, કેન્યા, ટાન્ઝાનિયા જેવા દેશોમાં ભજનના કાર્યક્રમો પણ ઘણા કર્યા. ૧૯૭૨માં પણ ઈંગ્લેન્ડ ગયા અને ત્યાં તથા અમેરિકામાં એક પછી એક કાર્યક્રમોની વણજારે ચાર વરસ રોકાવું પડેલું. ભારતમાં હતાં ત્યારે એક કાર્યક્રમ માટે હૈદરાબાદ જવાનું થયેલું અને કર્ણાટકમાં પણ બીજા દિવસે કાર્યક્રમમાં જવાનું હોવાથી કાર્યક્રમ આયોજકની મોટી કંપની હતી તો તેમણે એમને લેવા માટે હેલિકોપ્ટર મોકલેલું.

જો કે અભરામ ભગત 'જય આદ્યા શક્તિ' આરતીથી વધુ વિખ્યાત થયેલ, આરતીને તાલ, રાગ અને ઢાળમાં બેસાડી જે રજૂઆત કરેલી તેથી તેને ખૂબ પ્રસિધ્ધ મળેલી. કોલંબિયા રેકોર્ડ કંપનીએ તેની આરતીની રેકોર્ડ બનાવેલી અને ખૂબ આવક થયેલી જો કે એ પછી ૬૦થી વધુ તેના ભજનોની રેકોર્ડ બનેલી છે અને એ પણ એક રેકોર્ડ છે. એચએમવી અને સારેગામા રેકોર્ડ કંપનીએ પણ તેની ઘણી રેકોર્ડ બનાવી હતી. પછી તો ટેપરેકોર્ડની કસેટો પણ બની. આજે યુટ્યુબ પર તેની આરતી અને ભજનો સાંભળવા મળે છે. જો કે અત્યારે દરેક નવરાત્રિમાં વાગતી એક ટીપીકલ અવાજની આરતી તમે હવે સાંભળશો એટલે અભરામ ભગતને જરૂર યાદ કરશો. એ સમયે હેમુ ગઢવી, અવિનાશ વ્યાસ જેવા ખ્યાતિપ્રાપ્ત કલાકારો વચ્ચે પણ અભરામ ભગતની લોકપ્રિયતા જળવાઈ રહેલી. જ્યારે આજે હિન્દુત્વવાદની લહર વચ્ચે આપણા કેટલાંયે મુસ્લિમ કલાકારો ભુલાઈ જાય તેવી પરિસ્થિતિ છે.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૮૪

# સર્વોદય લીલા

પરમાત્મા સ્વયં આંશિકરૂપે આ ભૌતિક જગતમાં પ્રવેશ્યા છે અને દરેકના હૃદયમાં અભિવ્યક્ત છે. આ અભિવ્યક્તિનું અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો શરીરમાં રહેલા આત્માનું સંચાલન ભૌતિકશક્તિ (અથવા સગુણ પ્રકૃતિ) દ્વારા થતું નથી પરંતુ મૂળ ઉભય સ્વરૂપમાં રહેલી 'નિર્ગુણપ્રકૃતિ' અથવા 'યોગમાયા' દ્વારા થાય છે. જે વ્યક્તિ પરમાત્માની આ મૂળપ્રકૃતિ અથવા યોગમાયારૂપી આ અચિંત્ય શક્તિથી પરિચિત નથી, જેને મૂળપ્રકૃતિ, યોગમાયા અને ભૌતિકમાયા (અથવા આપણી સમજણ પ્રમાણે માયા) વચ્ચેનો તફાવત ખબર નથી, જેને પ્રકૃતિની વિવિધ અવસ્થાઓ, તેની કળાઓ અને અંશો વિષે સમજણ નથી, તે વ્યક્તિ આ વાત સમજી શકતો નથી કે પરમાત્મા જ સ્રષ્ટાના રૂપમાં બ્રહ્મા, પાલકના રૂપમાં વિષ્ણુ અને સંહારકર્તાના રૂપમાં શિવ તરીકે પોતાનો વિસ્તાર કરે છે. આવી વ્યક્તિઓ સંપ્રદાયોએ ઉપજાવેલી વાતો અને ડરથી ગભરાઈ જાય છે. આમ સ્પષ્ટ રીતે સમજીએ તો પરમાત્મા જ સ્રષ્ટા, પાલક અને સંહારક છે અને આ જ રીતે તેઓ પોતાનો વિસ્તાર વિભિન્ન અવતારોમાં પણ કરે છે. જેમ કે દેવતાઓમાં વામનરૂપે, મહાન ઋષિઓમાં પરશુરામ વગેરે સ્વરૂપે, મનુષ્યોમાં શ્રીરામ અથવા શ્રીકૃષ્ણના રૂપે, પશુઓમાં વરાહરૂપે તથા જળચરોમાં મત્સ્યરૂપે અવતરણ કરે છે. આ કોઈ પણ સ્વરૂપને પરમાત્મા માનવામાં કોઈ અન્યાશ્રય થતો નથી અને અગત્યની સમજણ એ છે કે સાકાર સ્વરૂપે આ બધું અવતરણ કરવા છતાં પણ પરમાત્માનું કોઈ સ્વરૂપ નથી કારણ કે વેદ પ્રમાણે તેઓ નિરાકાર (આકાર વગરના), નિરંજન (જેમને માયાનું અંજન નથી તેવા), નિર્ગુણ (જેઓ પોતે કોઈ પણ ગુણ ધરાવતા નથી), અનંત (જેમનો કોઈ આરંભ કે અંત નથી) અને શાશ્વત (હંમેશાં રહેલા) છે. તેમનું સાકાર સ્વરૂપે પ્રાકટ્ય અને તિરોધાન તેમની આ અચિંત્ય શક્તિ (યોગમાયા) દ્વારા ભક્તોની રક્ષા માટે અને અસુરોના વિનાશ માટે થાય છે. માટે જ પરમાત્માને 'શુદ્ધ અદ્વૈત' (અથવા પરમબ્રહ્મ) તરીકે પણ સંબોધન કરાય છે.



**પરમાત્મા જ સ્રષ્ટા, પાલક અને સંહારક છે અને આ જ રીતે તેઓ પોતાનો વિસ્તાર વિભિન્ન અવતારોમાં પણ કરે છે**

બ્રહ્માજી પંચમહાભૂતની મદદ લઈ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે પરંતુ પરમાત્મા તો ફક્ત સંકલ્પ માત્રથી જ સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે શક્તિમાન છે. આ જ બ્રહ્માજી ભૂમિદેવીની રજૂઆતથી પ્રેરાઈને ક્ષીરસાગરમાં ભગવાનને અવતાર લેવા માટે વિનંતી કરવા ગયા હતા. આ જ બ્રહ્માજીએ પ્રભુ જયારે દેવકીના ગર્ભમાં આવ્યા હતા ત્યારે તેમની સ્તુતિ પણ કરી હતી. ( આ બંને પ્રસંગ આપણે અગાઉના લેખોમાં સમજ્યા હતા). આવા બ્રહ્માજી પણ ભગવાન શ્રીકૃષ્ણની સગુણ લીલા જોઈ મોહમાં પડી જાય, પ્રેમલીલાનું રહસ્ય સમજી નહિ શકે, પ્રભુએ ઉત્પન્ન કરેલી સૃષ્ટિને સમજી નહિ શકે, તો પછી સંસારના વિષયી લોકોને મોહ થાય અને શ્રીકૃષ્ણની લીલા વિષે શંકા થાય તેમાં શું આશ્ચર્ય હોય? જો કે બ્રહ્માજીની આ શંકા એક રીતે સ્વાભાવિક પણ છે કે નિર્ગુણ બ્રહ્મ (નિરાકાર પરમાત્મા, ઉભય સ્વરૂપ, પરમબ્રહ્મ) ને જાણવું સહેલું છે પરંતુ સગુણ બ્રહ્મ (સાકાર પરમાત્મા, પરબ્રહ્મ)ને જાણવા અને સમજવા ખૂબ જ મુશ્કેલ છે.

વેદાંતમાં એક જ બ્રહ્મની સત્તા છે તેમ જણાવ્યું છે. માત્ર માયા(ભૌતિક પ્રકૃતિ)ના કારણે જ આ બ્રહ્મ તત્ત્વ અનેક રૂપે વિસ્તાર પામ્યું હોય તેવું લાગે છે. બ્રહ્મ નિર્વિકાર છે તેમ છતાં પણ બ્રહ્મનું પરિણામ થાય છે એટલે કે તેમની અભિવ્યક્તિ (એકમાંથી અનેક થવાની પ્રક્રિયા) થાય છે અને આ અભિવ્યક્તિને જ સામાન્ય વ્યક્તિ પોતાની આંખે જે દેખાય તેને બ્રહ્મનું પરિણામ માને છે.

ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરીને જેવા બ્રહ્માજી ચાલ્યા ગયા કે તરત શ્રીકૃષ્ણ યમુનાજીના તટ પર પાછા આવ્યા. પોતાના પ્રાણેશ્વર શ્રીકૃષ્ણ વિના વ્રજનાં બાળકોનું એક વર્ષ વીત્યું હતું છતાં પણ શ્રીકૃષ્ણની માયાથી મોહિત થયેલાં તે બાળકોએ તેને માત્ર અડધી ક્ષણ જ માની હતી. બ્રહ્માજીએ પાછા મૂકી દીધેલા તમામ વાછરડાઓને શ્રીકૃષ્ણ દૂરથી હાંકી લાવીને યમુનાના કિનારા પર લાવતા જ સર્વે બાળકો બોલી ઊઠ્યાં કે, ''કૃષ્ણ તમે જલ્દી પાછા આવી ગયા એ ઉત્તમ થયું. અમને તમારી ગેરહાજરીમાં ભોજન કરવાનું જરા પણ ગમતું નહોતું. તેથી અમે હજુ સુધી એક પણ કોળિયો ભર્યો નથી. તમે પાછા આવી ગયા છો તો ચાલો ભોજન કરી લઈએ.''

બ્રહ્માજીના હાથે હરણ થવાની અને બ્રહ્મલોકમાં જવાની તમામ વાતોનું વિસ્મરણ પામેલાં અને એક વર્ષ વીતી ગયું હોવા છતાં, હજુ થોડીક ક્ષણો જ વીતી છે તેવું સમજતાં બાળકમિત્રોનું બોલવું સાંભળી, બાળકૃષ્ણ મનમાં હસ્યા અને બાળકોની સાથે બેસી આનંદથી ભોજન કરવા લાગ્યા. ભોજન કરી, આખો દિવસ વૃંદાવનમાં વિહાર કર્યો અને સાયંકાળે વાછરડાઓને પાછા વાળી, સર્વ બાળકોને અજગરનું ચામડું બતાવતાં બતાવતાં વૃંદાવનમાં ફરી પધાર્યા.

મયૂરપિચ્છોના, ધાતુઓના તેમ જ પુષ્પોના શણગારોથી વિચિત્ર અંગોવાળા દેખાતાં, વેણુના અને શીંગના નાદથી સર્વના મનનું હરણ કરતાં, ઉપલાલનોથી વાછરડાઓને પ્રસન્ન રાખતાં શ્રીકૃષ્ણ, બાળકો સહિત વૃંદાવનમાં પધારતાં, ગોપીઓની દ્રષ્ટિઓને પરમ આનંદ થયો અને ઉત્સવનું વાતાવરણ સર્જાઈ ગયું. બાળકોએ આવીને વડીલોને યશોગાનરૂપી વાત કરી કે આજે શ્રીકૃષ્ણે ભયંકર મોટા અજગરને મારીને અમારું રક્ષણ કર્યું. (હકીકતમાં અઘાસુર વધ એક વર્ષ પહેલાં થયો હતો). બાળકોની વાત સાંભળીને સાનંદ આશ્ચર્યચકિત થયેલા વ્રજવાસીઓ વિચારવા લાગ્યા કે વ્રજને એક ઠેકાણેથી બીજા ઠેકાણે લઈ આવવા છતાં પણ વિઘ્નો આવવાનાં બંધ થયાં નથી છતાં પણ બાળકોનું રક્ષણ થઈ રહ્યું છે તે દેવોની કૃપાના અનુગ્રહના કારણે જ છે. આમ તેઓ દેવોની કૃપાના અનુગ્રહને જ પ્રબળ માનવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણની આ તમામ બાળલીલાઓ ખુબ જ દિવ્ય છે. જે કોઈ આને વાંચે છે, સાંભળે છે તેની તમામ આધ્યાત્મિક ઈચ્છાઓ પૂરી થાય છે. કેટલાક વિવેચકો બ્રહ્માજી માટેની ભગવાનની આ લીલાને 'બ્રહ્મા મોહ નિવારણ લીલા' તરીકે વર્ણવે છે, જ્યારે અન્ય વિવેચકો તેને 'સર્વોદય લીલા' તરીકે પણ વર્ણવે છે.

(ક્રમશઃ)

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**